સંક્ષિપ્ત સમાચાર

DGVCLના જુનિયર ઇજનેરને મારનાર શોએબ બશીરને કોર્ટે 1 હજારનો દંડ ફટકાર્યો

સુરતઃ કોસાડ વિસ્તારના DGVCL ઓફિસમાં જુનિયર ઇજનેર તરીકે ફરજ બજાવતા મનીષ શ્યામાનંદ માર્ચ-2021માં પોતાની ટીમ સાથે સ્પેશિયલ ડ્રાઇવ પર નીકળ્યા હતા અને વીજબિલના બાકી રહેતા રૂપિયાની ઉઘરાણી કરી રહ્યા હતા. ત્યારે શોએબે તેમની સાથે મારામારી કરી હતી. આ કેસમાં જ્યુ. મેજિ. ડો. સુપ્રિત કૌરે શોએબને તકસીરવાર ઠેરવી 1 હજાર રૂપિયાનો દંડ અને દંડ નહીં ભરે તો 3 મહિનાની સાદી કેદની સજા ભોગવવાનોહુકમ કર્યો હતો.

ભટારમાં ટ્રેક્ટર અડફેટે ઉમરવાડાના યુવકનું મોત

સુરતઃ ઉમરવાડા ખાતે આવેલ સોનિયા નગરમાં રહેતા 20 વર્ષીય સાહિલ મુસ્તાક શેખ કલર કામ કરી પરિવારને આર્થિક રીતે મદદરૂપ થતો હતો. તેને અન્ય બે બહેન છે. સાહિલના ત્રણ મહિના પહેલાં જ લગ્ન થયા હતા. સાહિલ સોમવારે સવારે બાઈક ઉપર તેના કાકા આસિફ શેખ સાથે કલર કામ કરવા માટે ભટાર જઈ રહ્યો હતો. દરમિયાન ભટાર ખાતે આવેલ મહારાજા હોટલ પાસે તેઓની બાઈકને ટ્રેક્ટર ચાલકે અડફેટે લીધી હતી. જેથી ગંભીર ઇજાગ્રસ્તમાં સાહિલ અને તેના કાકા આસિફને સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલમાં લઇ આવ્યા હતા. જ્યાં ફરજ પરના તબીબે સાહિલને મૃત જાહેર કર્યો હતો. આ અંગે વધુ તપાસ ખટોદરા પોલીસ કરી રહી છે.

ડિંડોલીમાં ટીવી જોવા બાબતે માતા સાથે ઝઘડો થતાં પુત્રનો આપઘાત

સુરતઃ મીળ મહારાષ્ટ્રના અને હાલમાં ડિંડોલી વિસ્તારમાં આવેલી ગાયત્રી નગરમાં રહેતા 22 વર્ષીય રોહિત છોટુ ખટરે ખાનગી કંપનીમાં નોકરી કરી માતા સાથે રહેતો હતો. રોહિતનો ટીવી જોવા બાબતે માતા સાથે ઝઘડો થયો હતો. આ ઝઘડાનું માઠું લગાડી રોહિતે રવિવારે મોડી રાત્રે ઘરની બારીની એંગલ સાથે સાડી બાંધી ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. હાલ તો પોલીસની પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે રોહિતનો ટીવી જોવા બાબતે માતા સાથે ઝઘડો થતાં માઠું લગાડી આપઘાતનું અંતિમ પગલું ભરી લીધું હોવાની શક્યતા છે.

સારોલીની શ્યામ સંગીની માર્કેટના વેપારી સાથે રૂપિયા 5.99 લાખની ઠગાઈ

સુરતઃ સારોલી ખાતે આવેલી શ્યામ સંગીની ટેક્સટાઈલ માર્કેટના વેપારી સાથે રૂપિયા 5.99 લાખની છેતરપિંડીનો બનાવ સામે આવ્યો છે. સિટી લાઈટ રોડ પર આવેલા સૂર્યા પેલેસમાં રહેતા રાકેશ રામવિલાસ અગ્રવાલ સારોલી ખાતે આવેલી શ્યામ સંગીની ટેક્સટાઈલ માર્કેટમાં એકદંત ફેબ્રિક્સ પ્રા.લિ.ના નામે ગ્રે કાપડનો વેપાર કરે છે. કાપડ દલાલ વીપીન શર્માએ કામરેજ નનસાડ રોડ પર આવેલી મારૂતીનંદન રેસિડેન્સીમાં રહેતા અને સારોલી લેન્ડમાર્ક માર્કેટ સામે આવેલા ભવાની ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટમાં જયમાલા ક્રીએશનના નામે વેપાર કરતાં પંકજકુમાર રવજીભાઈ લીંબાસીયા સાથે મળી રાકેશ અગ્રવાલ સાથે સંપર્ક કર્યો હતો. બાદ તેમને વિશ્વાસ અને ભરોસામા લઇ વેપાર ચાલુ કરી શરૂઆતમાં સમયસર પૈસા ચૂકવી રાકેશ અગ્રવાલ સાથે વેપાર ચાલુ રાખ્યો હતો. દરમિયાન વેપારીએ દલાલ વીપીન શર્મા મારફતે ગત તા.18 મે, 2024થી 30 ઓગસ્ટ, 2024 સુધીમાં અલગ અલગ બીલ ચલણ મારફતે ક્નીટેડ ગ્રે ફબ્રીક્સ કાપડનો રૂ.5,99,623નો માલ ઉધારીમાં મંગાવ્યો હતો. જોકે ઉધારીના નાણાં ઠગબાજ દલાલ અને વેપારીએ નહીં ચૂકવી છેતરપિંડી આચરી હતી. બનાવ અંગે સારોલી પોલીસે રાકેશ અગ્રવાલની ફરિયાદના આધારે દલાલ અને વેપારી સામે ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

રોગચાળાની સંભાવના, સચિનમાં એક વર્ષના બાળકનું એક જ દિવસના તાવમાં મોત

સુરતઃ મૂળ ઉત્તર પ્રદેશના વતની અને હાલમાં સાંઈભૂપત રો હાઉસમાં રહેતા શિવજી ભાઈ મોર્યા ખાનગી કંપનીમાં સુપરવાઇઝર તરીકે નોકરી કરી પરિવારમાં પત્ની અને ચાર સંતાનનું ગુજરાન ચલાવે છે. શિવજીભાઈના ચાર સંતાન પૈકી એક વર્ષીય પુત્ર લલિતને રવિવારે રાત્રે અચાનક તાવ આવ્યો હતો. જેથી પરિવારજનો નવી સિવિલ હોસ્પિટલમાં લઈ આવ્યા હતા.જોકે ત્યાં હાજર તબીબે તેને મૃત જાહેર કર્યો હતો. લલિતના પિતા શિવજીએ જણાવ્યું હતું કે, રવિવારે રાત્રે લલિતને તાવ આવ્યો હતો. અમે બે મહિના પહેલા તાવ માટે લીધેલી દવા તેને આપી હતી, જેની અસરથી થોડા સમય માટે તાવ ઓછો થયો હતો. પરંતુ સવારે દવાની અસર ઓછી થતાં લલિતને ફરી તાવ આવ્યો હતો.જેથી હોસ્પિટલ લઈ જવાનું વિચારતા હતા ત્યાં તેને હાથ-પગ ચટકાવવાની સાથે ચક્કર આવ્યા અને તે ઢળી પડ્યો હતો. થોડી જ ક્ષણોમાં તેનું મોત નીપજ્યું હતું. બની શકે છે કે હાલના વરસાદી માહોલમાં આ વિસ્તારમાં રોગચાળો ફેલાયો હોય અને તેને કારણે આ બાળકનું મોત થયું હોય.

વેસુ તરફના રન-વે પરની નિર્ભરતા સલામતી માટે જોખમી

મલ્ટી સ્ટોરી બિલ્ડિંગ્સની બાધાઓને લીધે 615 મીટરનો કાપ મૂકી રન-વે 2290 મીટરનો રાખવાથી જોખમ વધ્યું

2022 અને 2024 વચ્ચે લગભગ 73% એરક્રાફ્ટ કામગીરી માટે વેસુ 022 રન-વેનો ઉપયોગ થયો

સુરતઃ સુરત એરપોર્ટના રન-વે 22 પર વધુ પડતી નિર્ભરતા વિમાન અને પેસેન્જર્સની સલામતીની ચિંતાઓ ઊભી કરે છે. બીજી રીતે એનું અર્થગઠન એ રીતે એવિએશન એક્સપર્ટ કરી રહ્યા છે કે, મલ્ટી સ્ટોરી બિલ્ડિંગ્સની બાધાઓને લીધે 615 મીટરનો કાપ મૂકી દેવાથી એરક્રાફ્ટ અને પેસેન્જર સેફ્ટીના માપદંડ જોતાં 2905 મીટરનો રન-વે ઉપયોગ માટે ઘટાડી 2290 મીટરનો રાખવાથી જોખમ વધ્યું છે.

સુરત એરપોર્ટ, રન-વે 22 પર ભારે નિર્ભરતા માટે તપાસ હેઠળ છે, જેણે 2022 અને 2024 વચ્ચે લગભગ 73% એરક્રાફ્ટ કામગીરીનું સંચાલન કર્યું હતું. રન-વેના ઉપયોગ, પવન પેટર્ન અને ફ્લાઈટ ડાયવર્ઝન ડેટાના ઊંડાણપૂર્વક વિશ્લેષણથી ગંભીર ઓપરેશનલ અને સલામતીની ચિંતાઓ ઊભી થઈ છે.

ખાસ કરીને ચોમાસા અને ધુમ્મસ-ભારે શિયાળાની ઋતુ દરમિયાન આ ચિંતાઓ વિશેષ ધ્યાન આકર્ષિત કરે છે. રન-વે 22 ઓપરેશનલ રીતે અનુકૂળ, પરંતુ જોખમ-સંભવિત ઊભું છે.

છેલ્લાં ત્રણ વર્ષ દરમિયાન ફ્લાઈટ મૂવમેન્ટ ડેટા દર્શાવે છે કે રન-વે 22નો ઉપયોગ 36,000થી વધુ આગમન અને પ્રસ્થાન માટે કરવામાં આવ્યો હતો. જ્યારે રન-વે 4 માટે ફક્ત 13,000 હતા. આ વલણ ખાસ કરીને એપ્રિલ અને સપ્ટેમ્બર વચ્ચે સ્પષ્ટ થાય છે. જ્યારે વિમાન સ્થિરતા અને સલામતી માટે વિરુદ્ધ પવનોમાં ઊતરવાનું પસંદ કરે છે. રન-વે 22નો મહત્તમ ઉપયોગ થાય છે, એટલે કે સમગ્ર વર્ષમાં કુલ ગતિવિધિઓના 80%, જેમાંથી ચોમાસાના 4 મહિના દરમિયાન 99% ગુમાવી દેવામાં આવ્યું છે, ત્યારે મોટાં વિમાનો માટે રન-વેની આટલી ટૂંકી લંબાઈ સુરત એરપોર્ટના વિકાસ માટે સૌથી મોટો અવરોધ છે. ઊંચાઈના અવરોધોથી સુરક્ષિત ઉતરાણ માટે રન-વે 22ને 615 મીટર દૂર કરવામાં આવ્યો છે, છતાં બાકી રહેલી રન-વેની લંબાઈ માત્ર 2291 મીટર પૂરતી નથી.

સુરતનો વિન્ડરોઝ ડેટા (2016-2023) આ વાતને સમર્થન આપે છે. ચોમાસા દરમિયાન પવન મુખ્યત્વે દક્ષિણ પશ્ચિમ તરફથી ફુંકાય છે, જે રન-વે 22ને ઉતરાણ માટે અનુકૂળ બનાવે છે. જો કે, આ ઓપરેશનલ ફાયદાનો સામનો એક ચિંતાજનક વાસ્તવિકતા દ્વારા કરવામાં આવે છે. રન-વે ૨૨ના અભિગમ માર્ગમાં જાણીતી ઊંચાઈ અવરોધો છે. જે ઓછી દૃશ્યતાવાળી પરિસ્થિતિઓમાં વિમાન સલામતી સાથે જોખમ ઊભું કરી શકે છે.

ડાયવર્ઝન અને વિલંબથી હજારો મુસાફરો પ્રભાવિત થઈ રહ્યા છે. આથી એરપોર્ટ સત્તાવાળાઓએ તાત્કાલિક કાર્યવાહી કરવી જોઈએ.

3 વર્ષમાં 19 ડાયવર્ઝન 76% રન-વે 22 સાથે જોડાયેલા

૨૦૨૨થી ૨૦૨૪ સુધી સુરત એરપોર્ટ પર 19 એરક્રાફ્ટ ડાયવર્ઝન નોંધાયાં હતાં, જેમાંથી 15 રન-વે 22નો ઉપયોગ કરતી વખતે થયાં હતાં. 63% ડાયવર્ઝન ઓછી વિઝિબિલિટીને કારણે હતાં અને ઘણીવાર એ 100 મીટરથી નીચે જોવા મળી હતી. અન્ય વાવાઝોડા અથવા લાંબા સમય સુધી હોલ્ડિંગ પેટર્નને કારણે થયાં હતાં. મોટા ભાગનાં ડાયવર્ઝન વડોદરા, મુંબઈ અને અમદાવાદ તરફ હતાં. નોંધપાત્ર રીતે એર ઇન્ડિયાની AIC493 અને ઇન્ડિગોની IGO6272 જેવી ફ્લાઇટ્સ ઘણી વખત ડાયવર્ટ કરવામાં આવી હતી. જે ચોક્કસ સમય સ્લોટ અથવા હવામાન વિન્ડોઝને સમાવિષ્ટ પુનરાવર્તિત પેટર્ન દર્શાવે છે. એટલે જ એરપોર્ટ ઓથોરિટી ઓફ ઇન્ડિયાએ CAT 1 ઇન્સ્ટ્રુમેન્ટ લેન્ડિંગ સિસ્ટમ અને આધુનિક રડાર સ્ટેશન માટે 22.33 એકર જમીનની 7 વર્ષ સુધી માંગણી કરી ફાળવણીના અંતિમ તબક્કે AAI એ શંકાસ્પદ રીતે ગુજરાત સરકાર અને AAI વચ્ચે 2007/08માં થયેલા કરાર અંતર્ગત વિનામૂલ્યે મળતી 80,500 ચો.મી. જેટલી જમીન લેવા ઇનકાર કરી પ્રોજેક્ટ પડતો મૂકી દીધો હતો.

મોસમી વલણોઃ ચોમાસુ અને શિયાળાની નબળાઈ

● ચોમાસુ (જૂન-સપ્ટેમ્બર): રન-વે 22ના ઉપયોગમાં વધારો, પશ્ચિમી પવનો સાથે સંરેખિત. ● શિયાળો (નવેમ્બર-ફેબ્રુઆરી): ધુમ્મસ-પ્રેરિત દૃશ્યતા સમસ્યાઓ વારંવાર ડાયવર્ટ કરવા તરફ દોરી જાય છે. ● એપ્રિલ-2022માં એક જ અઠવાડિયામાં ચાર ડાયવર્ટેશન જોવા મળ્યાં. ● વિશ્લેષણમાંથી ભલામણોઃ નિષ્ણાતો તાત્કાલિક હસ્તક્ષેપો સૂચવે છે ● રન-વે 22 પર અદ્યતન નેવિગેશન એઇડ્સ (ILS CAT II/III) ઇન્સ્ટોલ કરો. ● 22-બાજુના અભિગમ માર્ગ પર અવરોધ ક્લિયરન્સ ઝોનનું ફરીથી મૂલ્યાંકન કરો. ● ખરાબ હવામાન વિન્ડોઝ દરમિયાન રન-વે 4નો વધુ વારંવાર ઉપયોગ કરવાનું વિચારો. ● ઐતિહાસિક હવામાન પેટર્નના આધારે મોસમી રન-વે ઉપયોગ વ્યૂહરચના વિકસાવો.

સુમન શાળાના 132 વિદ્યાર્થીની રોબોટિક્સ ઓલિમ્પિયાડ માટે નેશનલ સ્તરે પસંદગી

રોબોટિક સાયન્સ, ડ્રોન અને એઆઈ લેબ જેવા શિક્ષણની મહેનત રંગ લાવી

સુરતઃ મનપા સંચાલિત સુમન શાળામાં હવે 3-ડી પ્રિન્ટિંગ, રોબોટિક્સ, એઆઈ લેબ જેવા હાઈટેક શિક્ષણનો અનુભવ પણ આપવામાં આવી રહ્યો છે. જેથી વિદ્યાર્થીઓની અંદરની પ્રતિભા ખીલી શકે. સુમન શાળાના વિદ્યાર્થીઓ પણ રસ લઈ આ નવા વિષયો ભણી રહ્યા છે. જે અંતર્ગત સુરત મનપાની સુમન હાઈસ્કૂલોના 106 વિદ્યાર્થીએ, વર્લ્ડ સ્ટેમ એન્ડ રોબોટિક્સ ઓલિમ્પિયાડ (WSRO) અમદાવાદ-2025માં તેમની અદ્વિતીય પ્રતિભા, ટીમ વર્ક દર્શાવીને એક ઐતિહાસિક ક્ષણ સર્જી હતી. 10મી જુલાઈ-2025ના રોજ અમદાવાદમાં ચેમ્પિયનશીપ યોજાઈ હતી. આ પ્રતિયોગિતામાં સુરતની સુમન હાઈસ્કૂલોની 51 ટીમના 132 વિદ્યાર્થીએ ભાગ લીધો હતો, જેમાંથી 12 ટીમના 34 વિદ્યાર્થીઓએ પુરસ્કાર જીતીને રાષ્ટ્રીય સ્પર્ધા માટે પ્રવેશ મેળવ્યો છે, જે સપ્ટેમ્બર-2025માં યોજાશે. આ રાષ્ટ્રીય પ્રતિયોગિતામાં સફળતા મેળવનારી ટીમોને આંતરરાષ્ટ્રીય મંચ પર પોતાની પ્રતિભા દર્શાવવાની તક પણ મળી શકે છે. આ વિદ્યાર્થીઓએ સુરત મનપા કમિશનર શાલીની અગ્રવાલની શુભેચ્છા મુલાકાત લીધી હતી.

સ્પર્ધાની શ્રેણીઓ

» જુનિયર રોબો રેસ » લાઇન ફોલોઇંગ » એસ.ટી.ઇ.એમ. બલૂન કાર » યંગ સાયન્ટિસ્ટ-એસ.ટી.ઇ.એમ. ઓપન » ઇન્ડસ્ટ્રી 4.0 ચેલેન્જ

ડુમસ બીચ પર ફરવાની કરો તૈયારી, સી ફેસ ડેવલપમેન્ટનો આકાર દેખાવા માંડ્યો

■ વર્ષોથી સુરતીઓની માંગ રહી છે કે ડુમસ બીચ હરવા ફરવા માટે ડેવલોપ કરવામાં આવે, ત્યારે હવે ડુમસ બીચને ખૂબસુરત બનાવવાની તૈયારીઓ આખરી ઓપ તરફ વધી રહી છે. જેમાં ડુમસ સી ફેસમાં વિવિધ પ્રકારની કામગીરી પૂર્ણ થવાના ચરણોમાં છે. તસવીરમાં બેઠક વ્યવસ્થા સાથે લાઈટના પોલ, નારિયેળીના ઝાડ પણ મૂકવામાં આવી રહ્યા છે. (તસવીરઃ હેમંત ડેરે)

લીન ઈનમાં રહેતી યુવતીને ઘરકંકાસમાં સાથે રહેતા જ યુવાને ગળેટૂંપો આપી મારી નાખી

મૂળ દાહોદનો રાહુલ મચ્છર વતનની અસ્મિતાને ભગાડીને લાવ્યો હતો અને સુરતમાં પાલનપુર જકાતનાકા વિસ્તારમાં રહેતો હતો

સુરતઃ મુળ દાહોદના વતની અને હાલમાં પાલનપુર જકાતનાકા ખાતે આવેલી શ્રીજીનગર સોસાયટીમાં રહેતો રાહુલ મચ્છર મજૂરી કામ કરે છે. રાહુલની સાથે 20 વર્ષીય અસ્મિતા અને એક પુત્રી પણ રહે છે. રાહુલ અસ્મિતાને વતનથી ભગાડીને સુરત લઈ આવ્યો હતો. ત્યારથી બંને લિવ-ઈન રિલેશનશિપમાં રહેતા હતા. અસ્મિતા સોમવારે સવારે ઘરના રૂમમાં બેડ પર બેભાન હાલતમાં મળી આવી હતી. આ સમયે રાહુલ ઘરમાં હાજર ન હતો. અસ્મિતાના મામા, જે નજીકમાં જ રહે છે, તેને અસ્મિતાના ઘર પાસે લોકોનું ટોળું એકઠું થયેલું જોઈને ઘટનાની જાણ થઈ હતી. તેણે જોયું હતું કે, અસ્મિતાના ગળા પર નખના નિશાન જેવી ઈજાઓ હતી. અસ્મિતાને તાત્કાલિક સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવી હતી. જોકે ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કરી હતી. ઘટનાની જાણ થતાં રાંદેર પોલીસ સ્ટેશનના પીઆઈ અને એસીપી નવી સિવિલ હોસ્પિટલ પહોંચી ગયા હતા. પરિવારે અસ્મિતાની હત્યા રાહુલે જ કરી હોવાના પરિવારના આક્ષેપોને પગલે તપાસ શરૂ કરી હતી. જોકે, બાદમાં ફોરેન્સિક પીએમમાં સ્પષ્ટ થયું હતું કે રાહુલે જ ગળેટૂંપો આપીને અસ્મિતાની હત્યા કરી છે.

અસ્મિતાની હત્યા રાહુલે જ કરી હોવાની પરિવારની આશંકા અંતે સાચી પડી

ઘટના બની ત્યારે મૃતક અસ્મિતાના પિતાએ જણાવ્યું હતું કે, બે વર્ષ પહેલા રાહુલ અસ્મિતાને ભગાડીને સુરત લઈ આવ્યો હતો. તેઓ હાલમાં હજીરા ખાતે આવેલા મોરા ગામ ખાતે રહે છે. જ્યારે અસ્મિતા રાહુલ સાથે પાલનપુર જકાતનાકા ખાતે રહેતી હતી. ઘટનાની જાણ તેમને અસ્મિતાના મામા દ્વારા કરવામાં આવી હતી. અસ્મિતા સાથે ક્યારેક-ક્યારેક વાતચીત થતી હતી. પરંતુ આ ઘટના બની ત્યારે રાહુલે તેમને કોઈ જાણ કરી ન હતી. રાહુલનું ફરાર થઈ જવું અને અસ્મિતાના ગળા પર ઈજાના નિશાન હોવાથી અમને શંકા છે કે રાહુલે જ તેની હત્યા કરી હોઈ શકે છે. પરિવારની આ શંકા આખરે સાચી પડી હતી અને રાહુલે જ અસ્મિતાની હત્યા કર્યાનું બહાર આવ્યું હતું.

હાડકાં-સાંધા-સ્નાયુઓના હઠીલા દર્દનો એકમાત્ર ઉપચાર એટલે ટેબ ક્લિનિક્સની સારવાર

સુરતઃ સાંધા સ્નાયુઓના કોઈ પણ પ્રકારના હઠીલા દર્દી જેમ કે ગરદન, ખભા, કોણી, કાંડા, કમર, થાપા, જાંઘ, કમરના મણકાઓ, ઘુંટણના ઘસારા તથા દુઃખાવાઓ અને સર્વાઈકલ અને લંબર સ્પોન્ડીલાઈટીસ, હીપ જોઈન્ટ નેક્રોસીસ(એવીએન), એન્કાઈલોઝીંગ સ્પોન્ડીલાઈટીસ, લંબર કેનાલ સ્ટેનોસીસ, ફ્રોઝન શોલ્ડર, ટેનીસ એલ્બો, મસ્ક્યુલર ડીસ્ટ્રોફી, કાર્ટીલેજ ડેમેજ, લીગામેન્ટ ટેર વ. તકલીફોમાં દર્દીને સંપુર્ણ રીતે સાજા કરીને ૧૦૦% શુદ્ધ આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરતી સુરતમાં નાનપુરા, બહુમાળી બિલ્ડિંગની સામે જલનિધી કોમ્પ્લેક્ષમાં 103-104માં ચાલતી ટેબ ક્લિનિક સુરતમાં દર્દીઓમાં જાણીતી બની છે.

વાના દર્દીને ધીરે-ધીરે સાંધા અને સ્નાયુઓમાં જકડાહટ આવવાનું શરૂ થાય છે અને અસહ્ય દુઃખાવા સાથે સોજા આવવા લાગે છે અને સાંધાઓની વચ્ચેનું પ્રવાહી સુકાવા લાગે છે ત્યારે કટ-કટ અવાજ આવવાનું શરૂ થાય છે. ગાદીના ઘસારા તેમજ ligaments બરડ થવાના કારણે સાંધા પૂરે પુરા વળી શકતા નથી આથી દર્દીનું હલન ચલન, વધુ વખત ઉભા રહેવાનું, દાદર ચડવા- ઉતરવાનું, વાંકા વળવાનું, વજન ઉંચકવાનું તથા અન્ય દૈનિક ક્રિયાઓ મુશ્કેલ થવા લાગે છે. મણકાનો ગેપ ઓછો થવાથી નસ દબાય છે. આથી ચકકર આવવા, ખાલી ચડવી, ચપ્પલ પગમાંથી નીકળી જવા, ચાલતા-ચાલતા પડી જવાનો ડર લાગવો, ગાદી પર ચાલતા હોવાની અનુભૂતિ થવી વ. જ્ઞાનતંતુને લગતી તકલીફો વધવા લાગે છે. ટેબ ક્લિનીકસના ઉપચાર ૧૦૦% શુધ્ધ આયુર્વેદિક અને FDA દ્વારા પ્રમાણિત છે. આ ઔષધિ માત્ર દર્દ મટાડવાના બદલે સાંધા ઓને અંદરથી repair અને regenerate કરે છે. સારવાર પુરી થયા પછી દર્દી જમીન પર, પલાંઠી વાળીને અને ઉભડક બેસી શકે છે, દાદર ચડ-ઉતર કરી શકે છે અને પોતાનું દરેક કામ સ્વતંત્રપણે જાતે કરી શકે છે. ટેબ ક્લિનીકસ સપ્તાહના સાતેય દિવસ સવારે ૧૦,૦૦ વાગ્યા થી સાંજે ૭.૦૦ વાગ્યા સુધી અને રવિવારે પણ રાબેતા મુજબ ખુલ્લું રહે છે.

કઠોદરા પ્રાથમિક શાળામાં સિક્યુરિટી એજન્સી દ્વારા રૂ.3.67 લાખની ઉચાપત

શક્તિ સિક્યુરિટી એજન્સીએ 3 ગાર્ડ સામે એક ગાર્ડ રાખી 3 નામે પગાર વસૂલ્યો

સુરતઃ રાંદેર ક્રિષ્ના નગર સોસાયટીમાં રહેતા અને સુરત મહાનગરપાલિકા સંચાલિત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિન ઇન્ચાર્જ શાસનાધિકારી મેહુલકુમાર શાંતિલાલ પટેલે લસકાણા પોલીસમાં શક્તિ સિક્યુરિટી એજન્સી (આરટીસી બિલ્ડિંગ, સ્ટાર બજાર, અડાજણ) સામે રૂ. 3,67,800ની છેતરપિંડીની ફરિયાદ નોંધાવી છે. આશરે એક મહિના પૂર્વે કઠોદરા પ્રાથમિક શાળા નં. 385માં એ એજન્સીના ગાર્ડ્સની તપાસ કરાઈ હતી.

વર્ક ઓર્ડર મુજબ શાળામાં ત્રણ શિફ્ટમાં ત્રણ સિક્યુરિટી ગાર્ડ હોવા જોઈએ, પરંતુ તપાસમાં ફક્ત એક જ ગાર્ડ, ગુણવંતભાઈ ગોકુળભાઈ ભુવા, ફરજ પર હોવાનું જણાયું. જોકે, એજન્સી દ્વારા રજૂ કરાયેલા હાજરી પત્રકોમાં બે ગાર્ડ મહેશભાઈ બાબરિયા અને યોગેશ પટેલ, સપ્ટેમ્બરથી ડિસેમ્બર 2024માં અતુલ ગજેરા અને યોગેશ પટેલ તેમજ જાન્યુઆરી-ફેબ્રુઆરી 2025માં પુનાભાઈ ભરવાડ અને અમિતકુમાર દાહિયા, અને માર્ચ 2025માં પુનાભાઈ ભરવાડ અને ઉંદેસિંહ બિશ્ટના નામો સામેલ હતા.

આ બધાનાં વધારાનાં નામોના પગાર બિલ પણ બનાવાયાં હતા. એજન્સી દ્વારા 24 કલાકના એક ગાર્ડનો 12 થી 13 હજાર પગાર વસૂલાતો હતો. આમ, જુલાઈ 2024થી માર્ચ 2025 સુધીના નવ મહિનામાં એજન્સીએ ખોટા હાજરી પત્રકો અને પગારબિલ રજૂ કરી, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ પાસેથી રૂ. 3,67,800ની ખોટી રીતે વસૂલાત કર્યાનું જણાયું. એજન્સી પાસે માહિતી માગતાં ખોટા વાઉચરો રજૂ કરાયાં હતા. આ મામલે લસકાણા પોલીસે શક્તિ સિક્યુરિટી એજન્સી વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

શિક્ષણ સમિતિની અન્ય શાળાઓમાં પણ કૌભાંડની સંભાવના

કાળુ કોશિયા અને રિકલ કોશિયાએ સ્કૂલ સમિતીમાં છે. અતુલ ગજેરાએ કાળુ કોશિયાનો સાઢુભાઈ છે. પોલીસ દ્વારા નોંધવામાં આવેલી એફઆઈઆરમાં અતુલ ગજેરાના નામ ચઢાવી બોગસ રીતે રૂપિયા ખંખેરવામાં આવતા હતા. જેથી તે પણ શંકાના ઘેરામાં છે. શહેરમાં શિક્ષણ સમિતિની અન્ય શાળાઓમાં પણ કૌભાંડો મળવાની શક્યતા રહેલી છે.

અડાજણમાં FOR SELL PURCHASE CAR ઓફિસમાં જુગાર રમતા 8 ઝડપાયા

પોલીસે 1.51 લાખનો મુદ્દામાલ કબજે કરાયો

સુરતઃ રાંદેર પોલીસે અડાજણ ચોકસીવાડી વિસ્તારમાં એક ઓફિસ પર રેડ કરી જુગાર રમતા 8ને ઝડપી પાડ્યા હતા.

અડાજણ ચોકસીવાડી પાસે આવેલા જે.કે.પાર્ક એપાર્ટમેન્ટની FOR SELL PURCHASE OLD AND NEW CAR FOR COMMISION BASIS G-4 નામની ઓફીસમાં સાતથી આઠ જેટલા વ્યક્તિઓ એકત્રિત થઇ તીન પત્તીનો હારજીતનો જુગાર રમી રહ્યા છે. જે હકીકતના આધારે પોલીસ ટીમે ઉપરોક્ત સ્થળે રેડ કરી જુગાર રમી રહેલા વિશાલભાઈ ભરતભાઈ દેસાઈ (રહે.,રાજહંસ એલીટા પાલ), શીવભાઈ લક્ષ્મણભાઈ હળદાસાણી (રહે., શીવ આશિષ સોસાયટી ગંગેશ્વર મહાદેવની મંદિરની પાછળ, અડાજણ), કુણાલભાઈ અનિલભાઈ પાનવાલા (રહે.,નક્ષત્ર એમ.બી. સી, પાલ ગૌરંવપંથ રોડ, અડાજણ), અશ્વિનભાઈ મથુરભાઈ માડવીયા (રહે.,અક્ષર જ્યોત એપાર્ટમેન્ટ, ભુલકાભવન સ્કૂલ પાસે, અડાજણ), અબ્દુલ રસીદ ઈબ્રાહીમ શેખ (રહે., આમલી ફળિયું, એચ.પી. ગેસ ગોડાઉન પાસે, પાલ), નિલેશભાઈ અશોકભાઈ પાટીલ (રહે.,શક્તિનગર, ઉધના), હિમાશુભાઈ શંશીકાતભાઈ રાઠોડ (રહે.,મેગા કોમ્પલેક્સ, અનાવિલ પેટ્રોલપંપ સામે, હનીપાર્ક રોડ, અડાજણ) અને સંદિપભાઈ જગદિશભાઈ પટેલ (રહે., સહજધામ રો-હાઉસ, હનીપાર્ક રોડ, અડાજણ) ને રંગેહાથ ઝડપી પાડ્યા હતા. આ તમામ આરોપી ગાડીના લે-વેચના વ્યવસાય સાથે સંકળાયેલા છે. પોલીસે અંગજડતીના રોકડા 44,500 તથા દાવના રોકડા રૂ.4100 મળી કુલ રોકડા રૂ.48,600/- તથા મોબાઈલ નંગ-8 જેની કીં રૂ.1,03,000 મળી કુલ રૂ.1,51,600 ની મતાનો મુદ્દામાલ કબજે કરી કાર્યવાહી હાથ ધરી હતી.

જન્માષ્ટમીઃ સુરતમાં લડ્ડુ ગોપાલનાં વસ્ત્રોની માંગ

અગાઉ તો આવાં વસ્ત્રોનું મોટા ભાગનું ઉત્પાદન ઉત્તર પ્રદેશના મથુરા તથા વૃંદાવનથી થતું હતું, પરંતુ હવે સુરતનું બજાર મજબૂત, આ વર્ષે 60 કરોડ સુધી વેપાર થવાની શક્યતા

સુરતઃ ભગવાન શ્રીકૃષ્ણના જન્મોત્સવ એટલે કે જન્માષ્ટમી પર્વની ઉજવણી માટે તૈયારીઓનો આરંભ જૂન મહિનાના અંતિમ દિવસોથી જ થવા લાગે છે. ધાર્મિક વસ્ત્રોના વેપારમાં આ તહેવાર માટે ખાસ કરીને લડ્ડુ ગોપાલ માટેનાં તૈયાર વસ્ત્રોની ખૂબ જ મોટી માંગ હોય છે. અગાઉ તો આવાં વસ્ત્રોનું મોટા ભાગનું ઉત્પાદન ઉત્તર પ્રદેશના મથુરા તથા વૃંદાવનથી થતું હતું, પરંતુ હવે સુરત પણ આ ઉદ્યોગમાં પોતાનું મજબૂત સ્થાન બની રહ્યું છે. આ કારણે સુરત તથા અમદાવાદ જેવાં શહેરોનાં માર્કેટ્સમાં માત્ર એકથી દોઢ મહિના દરમિયાન અંદાજિત 50થી 60 કરોડ રૂપિયા જેટલો વેપાર થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે.

લડ્ડુ ગોપાલનાં વસ્ત્રો માટે ખાસ કરીને જરી બ્રોકેટ અને વેલવેટનાં કપડાંનો ઉપયોગ કરવામાં આવે છે. આ વર્ષે તો ખાસ ડિઝાઇન અને નવીન ટેક્નોલોજી દ્વારા તૈયાર થતાં વસ્ત્રોમાં પણ ક્રિએટિવ વર્ક જોવા મળી રહ્યું છે. જેમ કે, ડાયમંડ વર્ક, જરી ભરતકામ, હરે કૃષ્ણ અને રાધે-રાધે જેવા મંત્રો લખેલાં ડિઝાઇનવાળાં કપડાં ભક્તોને ખૂબ આકર્ષે છે. ધાર્મિક વસ્ત્રોના હોલસેલ વ્યવસાય સાથે જોડાયેલા વેપારી હરેશ લાલવાણી જણાવે છે કે, મશીનના ઉપયોગથી તૈયાર થતાં આ વસ્ત્રોના ઉત્પાદન ખર્ચમાં ઘટાડો થયો છે. પરિણામે હોલસેલ બજારમાં આવાં વસ્ત્રો રૂ.૪૦થી ૧૫૦ની વચ્ચે ઉપલબ્ધ છે. સૌથી વધુ માંગ ૦થી ૬ નંબર સાઇઝનાં વસ્ત્રો માટે જોવા મળી રહી છે. જે સામાન્યરૂપે ઘરગથ્થુ ઉપાસના માટે ખરીદવામાં આવે છે. હવે સુરત શહેર આજે માત્ર કાપડ ઉદ્યોગનું હબ નથી રહ્યું, પરંતુ ધાર્મિક વસ્ત્રોની વિવિધતા અને સર્જનાત્મકતાને કારણે સમગ્ર દેશમાં પોતાની અલગ ઓળખ બનાવી રહ્યું છે. જન્માષ્ટમી પર્વે આ ક્ષેત્રના વેપારીઓને મજબૂત વૃદ્ધિ અને મજબૂત બજાર મળી રહ્યાનું ભવિષ્ય દેખાઈ રહ્યું છે.

ધાર્મિક કાપડની માંગમાં દર વર્ષે ૧૦થી ૧૫ ટકાનો વધારો

દેશ-વિદેશમાં ધાર્મિક કાપડ માટે સુરતની એક અનોખી ઓળખ બની છે